# અરવલ્લીની ગીરીમાળાઓ પદયાત્રીઓથી ઉભરાઈ...

## જય અંબે... જય અંબે... માના ભક્તો જય ઘોષ સાથે અંબાજી ભણી

પવિત્ર યાત્રાધામ અંબાજીના ભાદરવી પૂનમના મહામેળાનો આજે ચોથો દિવસ છે અને મા અંબાનું ધામ લાખો માઈભકતો થી ઉભરાઈ રયુ છે. લાખો પદયાત્રિકો રાત દિવસ જય અંબેના જયઘોષ સાથે અંબાજી ઉમટી રયા છે અને શ્રદ્ધાની લાગણી સ્વરૂપે મંદિરમાં ભેટ આપી રયા છે. આ ભેટ રોકડ તથા સોના ચાંદીના રૂપે માના ખજાનામાં ધરાવે છે. લોકોમાં જગત જનનીના દર્શન કરી પોતાની માનતા પુરી થતા શ્રદ્ધાના ભાગરૂપે દાન પેટીમાં ચઢવો ચઢાવતા હોય છે. આ ભાદરવી પૂનમના મહા મેળામાં માઈભકતોની સંખ્યા લાખોમાં થઈ જાય છે અને એમને દ્વારા ચઢાવેલી દાનની રકમ પણ લાખોમાં થઈ જાય છે. મંદિર ટ્રસ્ટ દ્વારા આવેલી આ દાનની રકમની ગણતરી ભંડાર કક્ષમાં મજબૂત સુરક્ષા વચ્ચે થાય છે. ભંડાર કક્ષમાં ગણતરી પર સીસીટીવી કેમેરાઓથી નજર રાખવામાં આવે છે. આ માટે ભંડાર ગણતરીકક્ષમાં ૧૫ થી ૧૭ કેમેરા લગાવવામાં આવ્યા છે અને ભંડારની ગણતરીનું તમામ કામ કેમેરાની દેખરેખ હેઠળ જ થાય છે. શ્રી આરાસુરી માતાજી દેવસ્થાન ટ્રસ્ટ ભંડારાની રકમની ગણતરી માટે કોલેજના વિદ્યાર્થીઓ અને સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓની પણ મદદ લેવામાં આવે છે. આ વખતે ભંડાર ગણતરીમાં જિલ્લાકક્ષાના અધિકારીઓની પણ સેવા લેવામાં આવી છે. ભંડાર કક્ષમાં ગણતરીના પહેલા અંદર આવતા અધિકારીઓ અને વિદ્યાર્થીઓની તપાસ કરી પછી ભંડાર કક્ષમાં પ્રવેશ આપવામાં આવે છે તથા ગણતરી પૂરી થયા પછી બહાર જતી વખતે પણ તેમની તપાસ કરાય છે અને રોજેરોજ ભંડારામાં આવેલી દાનની રકમ પૂરેપૂરી રોજેરોજ બેંકમાં જમા કરાવવામાં આવે છે. આ વખતના મહામેળામાં ૩ દિવસમાં ભંડારામાં રોકડા ૬ ૨ લાખ ૪ હજાર પાંચસો ચાલીસ રૂપિયા દાન તરીકે આવેલા છે જે બેંકમાં જમા કરાવી લીધેલ છે અને ભંડારામાં આવતા સોના ચાંદીના દાગીનાને મંદિરના અધિકૃત કરાયેલા સોની દ્વારા ખરાઈ કરાયા પછી મંદીરના સ્ટ્રોંગ રૂમમાં મૂકી દેવામાં આવે છે.

### મોડાસાના સિદ્ધિ વિનાયક મંદિરમાં ૭૨ કિલોની

## કેક કાપી ભગવાન ગણેશના જન્મ દિવસની ઉજવણી કરાઈ

અરવલ્લી જિલ્લાના એક માત્ર જમણી સૂંઢવાળા ગણપતિ એવા મોડાસાના સિદ્ધિ વિનાયક મંદિરમાં દાદાનો જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગણપતિજીના જન્મદિવસની ઉજવણી કરવા માટે ભક્તો મોટી સંખ્યામાં તેમના ઘરેથી પ્રસાદનો ભોગ લઈને આવી પહોંચ્યા હતા. ગણેશજીના જન્મ દિવસની માટે ભક્ત દ્વારા ખાસ ૭૨ કિલોનો પ્રસાદ દાદાને ચઢાવવામાં આવ્યો હતો અને આ કેક કાપીને ભગવાન ગજાનંદના જન્મદિવસની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી. ભક્તિ ભાવ સાથે ઉજવાયેલા જન્મદિવસ નિમિત્તે મોટી સંખ્યામાં દૂરદૂરથી ભક્તો ઉમટ્યા હતા.

મનોકામના સિદ્ધિ વિનાયક મંદિરની પ્રતિમા મુંબઈના સિદ્ધિ વિનાયક મંદિર જેવી જ છે, જેથી મોટી સંખ્યામાં દર્શનાર્થીનો ઘોડાપુર ઉમટે છે. ગણેશજીના જન્મદિવસને વિશેષ ઉજવણી કરી ભક્તોને આઈસક્રીમનો પ્રસાદ પણ પિરસવામાં આવ્યો હતો. મહત્વનું છે કે, સિદ્ધિ વિનાયક મંદિરની પ્રતિમા સ્વયંભૂ છે અને ૨૦૦ વર્ષ જેટલી પ્રાચિન હોવાની પણ લોકવાયકા છે. મંદિરના તમામ આયોજનને મંદિરના પ્રમુખ શિવુભાઈ રાવલ અને મંત્રી રમેશભાઈ પંડ્યા તેમજ શાસ્ત્રી સચિન મહારાજ સહિત કાર્યકર્તાઓ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

અરવલ્લીના માર્ગો પરથી હજારો પદયાત્રીઓ અંબાજી જઈ રહ્યા છે, ત્યારે અંબાજી જતા પદયાત્રીઓ વિવિધ માર્ગોથી પસાર થઈ રહ્યા છે ત્યારે દોલપુર (બાણીકંપા)માં છેલ્લા ૨૨ વર્ષથી અવિરત વિસામાનું આયોજન કરવામાં આવે છે. જેમાં દોલપુર, બાણીકંપાના સ્વયંસેવકો ખુબ સારી સેવા આપે છે. જય અંબે પરીવાર દોલપુર, અમદાવાદ નટુભાઈ દેસાઈ, ધવલભાઈ દેસાઈ સહિત ગામ લોકો આ વિસામામાં સેવા આપે છે.

### માર્ગ અને મકાન વિભાગના સત્તાધીશોની બેદરકારીના કારણે

## વડગામ નજીક ઘુંટણસમા પાણીમાંથી પદયાત્રીઓને ચાલવું પડે છે...

વડગામ,

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકા મથકથી વાયા ઈસ્લામપુરા, પરખડી, છનિયાણા થઈને ગોળાથી અંબાજી જવાનાનો મુખ્ય માર્ગ આવેલો છે.

જે માર્ગ ઉપરથી ભાદરવી પૂનમના મહામેળામાં સિધ્ધપુર, પાટણ, ઉંઝા, મહેસાણા, અમદાવાદ, વડગામ પંથક સહિતના વિસ્તારોમાંથી લાખોની સંખ્યામાં સંઘ સાથે પદયાત્રીઓનો ભારે ઘસારો રહે છે. જે રોડ ઉપર ઘણા સમયથી ઠેર-ઠેર ખાડા પડી ગયા છે તેમજ વડગામથી ઈસ્લામપુરા વચ્ચે તેમજ છનિયાણાથી ગોળા વચ્ચે દર વર્ષે પાણી ભરાઈ રહેતું હોય છે. જેના કારણે ભાદરવી પુનમના મહામેળામાં પદયાત્રીઓ સાથે લોકોને તેમજ વાહનચાલકો ને ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે.તેમજ "મા અંબાના"ભક્તોને માર્ગ મકાન વિભાગના સત્તાધીશોની અને સ્થાનિક વહીવટી તંત્રની બેદરકારીના કારણે ઘુંટણસમા પાણીમાંથી પદયાત્રીઓને ચાલવા મજબુર બનવું પડે છે. રોડ વચ્ચે પડેલા ખાડાઓના કારણે તેમજ મેટલો અને કપચી ખુલ્લી થઈ જતા દુર દુરથી ચાલતા આવતા થાકેલા પદયાત્રીઓને ઠોકરો ખાવી પડે છે. આ બાબતે મેળા પહેલાં મિડીયા દ્વારા સમાચારો પ્રસિદ્ધ કરવા છતા માર્ગ મકાનના સત્તાધીશો દ્વારા આંખ આડા કાન કરાતાં પદયાત્રીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

## પાલનપુરમાં મકાન પર વીજળી પડતાં દિવાલ ધરાશાયી

પાલનપુરમાં મંગળવારે સાંજના સુમારે વરસાદ દરમિયાન કંથેરીયા હનુમાન વિસ્તારમાં કડાકા સાથે એક મકાન ઉપર વીજળી ત્રાટકી હતી. જેના પગલે મકાન ઉપર બનાવેલા કઠેડાની દિવાલ ધરાશાયી થઈ ગઈ હતી. આ ઉપરાંત રહીશોના મકાનોમાં વીજ ઉપકરણો બળી ગયા હતા. આ ઘટનાને પગલે લોકોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો હતો. પાલનપુરમાં છેલ્લા એક સપ્તાહથી સાંજના સુમારે ભારે વરસાદી ઝાપટાં પડી રહ્યા છે. જ્યાં મંગળવારે પણ દિવસભર ભારે ઉકળાટ બાદ સાંજના સુમારે વરસાદ શરૂ થયો હતો.

કંથેરીયા હનુમાન વિસ્તારમાં કડાકા સાથે મકાન પર વીજળી પડી હતી. કઠેડાની દિવાલ ધરાશાયી થઈ ગઈ હતી. રહીશોના મકાનોમાં વીજ ઉપકરણો બળી ગયા હતા. ગભરાહટના માર્યા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. આ અંગે સ્થાનિક રહીશ હરેશભાઈ પરમારે જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં રહેતા કાંતિભાઈ ભીખાભાઈ પરમારના મકાન ઉપર કડાકા સાથે વિજળી ત્રાટકી હતી. જેથી દિવાલ તૂટી પડી હતી.

# ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના કથળેલા વહીવટ સંદર્ભે હોબાળો

ભિલોડા,તા.૧૧

ભિલોડા ગ્રામ પંચાયત કચેરીનો વહીવટ છેલ્લા કેટલાક સમયથી કથળતાં જાગૃત પ્રજાજનો અને મહિલાઓએ આજે ત્રીજીવાર સામુહિક રીતે ભારે હોબાળો મચાવતા ચકચાર મચી જવા પામી છે. ભિલોડા ગ્રામ પંચાયતના સત્તાધીશો અને વહીવટદારોમાં જાણે કે ભારે ફફડાટ ફેલાયો હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. ભિલોડા ગ્રામ પંચાયત કચેરીનો વહીવટ જાણે કે અંધેરી નગરી અને ગંડુરાજા જેવો વહીવટ ચાલતો હોઈ તેમ લોકમુખે ચર્ચાય છે. કારોબારી અધ્યક્ષ અને કારોબારી સમિતિ તેમજ વહીવટદારો ઉપર મહિલાઓએ ભારે રોષ ઠાલવતા લોકોના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા.

૧૪માં નાણાપંચમાં અંદાજીત ૧.૨૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફળવાઈ હતી. સત્તાધીશોએ વિવિધ વિકાસના મુદ્દે વ્યાપક ભ્રષ્ટાચાર આચર્યો હોવાનો જાગૃત પ્રજાજનો આક્ષેપ કરી રહ્યા છે. પીવાનું પાણી, બિસ્માર આર.સી.સી. રસ્તાઓ, અસહ્ય ગંદકી, ભુગર્ભ ગટર યોજના તેમજ કોઝવેનું કામ અધુરૂ રહેતા પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે. ચોમાસાની સિઝન દરમ્યાન ઠેર-ઠેર વરસાદી પાણી ભરાતા રોગચાળો ફેલાય તેવી દહેશત સેવાઈ રહી છે. જીલ્લાના કક્ષાના જવાબદાર અધિકારીઓ ધ્વારા સ્થળ નિરીક્ષણ હાથ ધરવામાં આવે તો અધિકારીઓને વાસ્તવિક પરીસ્થિતી સમજાઈ શકે તેમ હોઈ સત્વરે ન્યાયિક તપાસ કરીને ગ્રામ પંચાયતની કારોબારી સામે કાયદેસરની કાર્યવાહી નહી કરાય તો જાગૃત ગ્રામજનો,મહિલાઓ ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

ભિલોડા ગ્રામ પંચાયત કારોબારી અધ્યક્ષ, કારોબારી સમિતી, સત્તાધીશો, વહીવટદારો, અમુક સભ્યો, ભ્રષ્ટાચારી કર્મચારીઓની મીલીભગતથી વ્યાપક ભ્રષ્ટાચાર આચર્યો હોવાની બુમરાણ સંભળાઈ છે. અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયિક તપાસ હાથ ધરવામાં આવે તો મોટા પાયે કૌભાંડ બહાર આવી શકે તેમ છે. ભિલોડા ગ્રામ પંચાયત મત વિસ્તારમાં બે નંબરીયા કોન્ટ્રાક્ટરો, રાજકીય નેતાઓ અને ભ્રષ્ટાચારી અધિકારીઓની મીલીભગતથી ઠેર-ઠેર લાખ્ખો રૂપિયાના ખર્ચે આર.સી.સી. રસ્તાઓ તાજેતરમાં બનાવવામાં આવ્યા છે જ્યારે વીજીલન્સ તપાસ હાથ ધરાય તો ભ્રષ્ટાચાર બહાર આવી શકે તેમ છે. આર.સી.સી. રસ્તાઓમાં વ્યાપક ભ્રષ્ટાચાર ચાલતો હોવાથી તાજેતરમાં બનાવેલા આર.સી.સી. રસ્તાઓ તુટતા પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે. આર.સી.સી. રસ્તાઓ બનાવવામાં વ્યાપક ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાનો જાગૃત ગ્રામજનોનો આક્ષેપ ખરેખર ચોમાસા દરમ્યાન સાચી રીતે પુરવાર થઈ રહ્યો છે. રસ્તાઓ ઉપર ઠેર-ઠેર મસમોટા ગાબડા હોઈ રસ્તાઓ માંથી કપચી બહાર નીકળી ગઈ છે. રસ્તાઓ ખુબ જ ટુંકા ગાળામાં ધોવાઈ રહ્યા છે. ગ્રામજનોએ જણાવ્યું હતું કે તાજેતરમાં બનાવેલા રસ્તાઓ પ્લાન એસ્ટીમેન્ટ મુજબ શું બન્યા નથી ? મટીરીયલને લેબોરેટરીમાં ચેક કરવામાં આવે તો ભ્રષ્ટાચાર બહાર આવી શકે તેમ છે. કોન્ટ્રાક્ટરો ટેન્ડરમાં બતાવ્યા મુજબ કામકાજ કરતા નથી ? તો તેમની સામે તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ તેવો સુર સંભળાય છે. ભિલોડા ગ્રામ પંચાયત કચેરીનો વહીવટ દિન-પ્રતિ-દિન કથળતા પ્રજાજનોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. સત્તાધીશો વ્યાપક ભ્રષ્ટાચાર આચરતા હોવાના કારણે ટુંક સમયમાં જાહોજલાલી કરતા જોવા મળી રહ્યા હોવાનો આક્ષેપ જાગૃત મહિલાઓ અને ગ્રામજનોએ સામુહિક કર્યો છે. ભિલોડા મેઈન બજાર વિસ્તારમાં ૨૩ વર્ષ અગાઉ બનાવેલો આર.સી.સી. રસ્તો આજે પણ મજબુત હોઈ ત્યારે તાજેતરમાં બનાવેલા આર.સી.સી. રસ્તાઓ કેમ તુટી જતા હશે ?

ભિલોડા ગ્રામ પંચાયતમાં આદિવાસી સમાજની પ્રથમ મહિલા સરપંચ અંબિકાબેન ગોરધનભાઈ ગામેતી સહિત ટેકેદારોએ જણાવ્યું હતું કે મહિલા સરપંચની સત્તાઓ છીનવી ૧૪ ગ્રામ પંચાયતના કારોબારી સભ્યોએ દોઢ વર્ષ અગાઉ કારોબારી અધ્યક્ષ,કારોબારી સમિતિની રચના કરતા વહીવટ ખાડે ગયો હોવાનું જણાવ્યું હતું. સરપંચે વધુમાં જણાવ્યું હતું કે સત્વરે કારોબારી સમિતિ રદ કરવા અનુરોધ કર્યો હતો.હું ભિલોડા મત વિસ્તારોનો સર્વાંગી વિકાસ કરવા તર્પર છું. રણચંડી બનીને આવેલી મહિલાઓએ છાજીયા લીધા અને ગરબા ગાતા હતા.સુત્રોચ્ચાર પોકાર્યા હતા કે કારોબારી અધ્યક્ષ અને કારોબારી સમિતી હટાવો તેવો સુર વ્યક્ત કર્યો હતો.